શરણાગતિ

શરણાગતિ

# શરણાગતિ

શરણાગતિ

શરણાગતિ

શરણાગતિ

# શરણાગતિ

# શરણાગતિ

# શરણાગતિ

શરણાગતિ

अथातो प्रपत्तिं व्याख्यास्याम् ॥
**હવે, શરણાગતિ ની વ્યાખ્યા.**

अज्ञः प्रज्ञयोः मूलेच्छा एकैव भवति ॥
**અજ્ઞાની અને જ્ઞાનીના હૃદયની મૂળભૂત કામના તો એક જ હોય છે.**

सा सुखेच्छा ॥
**એ કામના છે - સુખની ઈચ્છા.**

आनन्दांशेन जातः ॥
**આનંદમય પરબ્રહ્મનો અંશ આપણે હોવાને કારણે સુખની કામના આપણો સ્વભાવ છે.**

अकिंचनत्व, आर्तित्व, अगतित्व, त्रयदशामाश्रित्य इश्वर सन्निधौ तवास्मीति च याचनम् अधिकारी कृत्यम् ।।

**અકિંચન, આર્ત, અને નિરાશ્રયી થઇને કહેવુ કે "હું આપનો છું" એ શરણાગતિ માટે અધિકારી કૃત્ય કહેવાય છે.**

प्रभु–प्रवृत्ति–निवृत्ति–स्वप्रवृत्ति–निवृत्तिः प्रपत्तिः ।।

**પ્રભુની પ્રવૃત્તિનો નિરાદર કરવાનો એટલે કે ન માનવાની જે જીવની આદત થઇ ગઇ છે, એની નિવૃત્તિ થવી એ શરણાગતિ છે.**

प्रकर्षेणपत्तिः प्रपत्तिः ।।

**પ્રણામ કરવા યોગ્યને પ્રણામ કરવા એ શરણાગતિ છે.**

प्रति-पत्तिः प्रपत्तिः ॥
**જેના શરણમાં જઈએ એમને સમર્પણ ભાવથી પ્રણામ કરવા એ શરણાગતિ છે.**

प्रपतति प्रपत्तिः ॥
**મન, વચન અને કાયાથી પ્રણામ કરવા એ શરણાગતિ છે.**

प्रपत्तिं न्यासोऽपि कथ्यते ॥
**શરણાગતિને ન્યાસ-વિદ્યા પણ કહેવાય છે.**

गृह-रक्षकौ शरणमुच्यते ॥
**ઘર અને રક્ષકને શરણ કહે છે.**
(જેવી રીતે ઘર, ગૃહસ્થ અને અતિથિને આવાસ આપે છે,
પોતા માટે કાંઈ સ્વાર્થ નથી હોતો એ રીતે રક્ષક.)

त्रिकरणेन त्रयः ॥
મન-વચન અને કર્મના ભેદથી ત્રણ પ્રકારની શરણાગતિ કહેવાય છે.
(આ લૌકિક રીતે, શાસ્ત્રની દ્રષ્ટિએ છ પ્રકારની શરણાગતિ છે, જેનું વર્ણન હવે આવે છે.)

षड विद्या शरणागतिः ॥
શરણાગતિ છ પ્રકારની હોય છે.

आनुकूलस्य संकल्पः ॥
શરણાગતિનું પ્રથમ અંગ પ્રભુ કે ગુરૂને અનુકુળ રહેવાનો સંકલ્પ, એ, છે.

प्रातिकूलस्य वर्जनम् ॥
શરણાગતિનું બીજુ અંગ છે પ્રભુ/ગુરૂને પ્રતિકૂળતાનો ત્યાગ.
(શ્રુતિ/શાસ્ત્રોમાં દર્શાવેલા નિષિદ્ધ કર્મો ન કરવા એ પ્રતિકૂળતા નો ત્યાગ કહેવાય છે.)

रक्षिष्यतीति विश्वासः ॥
**પ્રભુ/ગુરૂ અમારી રક્ષા અવશ્ય કરશે એવી શ્રધ્ધા શરણાગતનાં હૃદયમાં હોવી એ શરણાગતિનું ત્રીજુ અંગ છે.**

गोप्तृत्व वरणं तथा ॥
**શરણાગતે પ્રભુ/ગુરૂ પાસે પોતાની રક્ષાની પ્રાર્થના કરવી એ શરણાગતિનું ચોથુ અંગ છે.**

आत्मनिक्षेपम् ॥
**શરણાગતે પ્રભુ/ગુરૂ પાસે આત્મસમર્પણ કરવું એ શરણાગતિનું પાંચમુ અંગ છે.**

कार्पण्यम् ॥
**શરણાગતિ કાળે પ્રભુ/ગુરૂ સમક્ષ પોતાના દોષ પ્રગટ કરવા એ છઠ્ઠુ અંગ છે.**

देश नियमोनास्ति ॥
શરણાગતિ માટે કોઈ દેશ-વિશેષનો નિયમ નથી.

प्रपत्तेः कालस्यापि ॥
એ જ રીતે શરણાગત થવા માટે કોઈ કાળ વિશેષની (મૂહૂર્તની) આવશ્યકતા પણ નથી.

नैवनियमोऽधिकारिणः ॥
શરણાગતિ માટે અધિકારી કોણ એવો પણ નિયમ નથી.
(કોઈપણ યોનિ, વર્ણ, આશ્રમ, આબાલવૃદ્ધ - સ્ત્રી, પુરૂષ, નપુંસક, આદિ શરણાગત થઈ શકે.)

अज्ञ प्रज्ञ भक्ताश्च ॥
અજ્ઞાની, જ્ઞાની અને ભક્ત પણ શરણાગત થઈ શકે.

न शुद्धिरपेक्षिता ॥
શરણાગતિ સ્વીકારતી વખતે શુદ્ધિ અશુદ્ધિ નો પણ કોઈ નિયમ નથી.

फल नियमोऽपि नास्ति ॥
શરણાગતિનાં ફળનો પણ કોઈ નિયમ નથી.

प्रपत्ति–धर्मैव प्रपत्तेः नियमः ॥
"શરણાગતિ-ધર્મ" અનુસાર સ્થિતિ અપનાવવી એ જ એક શરણાગતિનો નિયમ છે.

न कोऽपि प्रायश्चितो प्रपत्ते ॥
શરણાગત ભ્રષ્ટ થયે એનું કોઈ પ્રાયશ્ચિત નથી.

स्वयमेव प्रपत्तिरस्ति ।।
શરણાગત, શરણાગતિ-ધર્મ તરછોડી દે, તો એનું પ્રાયશ્ચિત, ફરી શરણાગત થાય, એ જ, છે.

ममेति चाहंश्चानुरक्तिरशुद्धिः ।।
અહં તથા મમતાથી પ્રેરિત કાર્યોમાં અનુરાગ,
એ શરણાગતિની અશુદ્ધિ છે.

उपायेनापि स्वीकारा प्रपत्तिः अशुद्धाभवति ।।
ઉપાય તરીકે શરણાગતિ સ્વીકારવી, એ પણ શરણાગતિમાં
અશુદ્ધિ જન્માવે છે.

प्रपत्तिः अधिकारं कथयति ।।
શરણાગતિ જ અધિકાર સૂચવે છે.

प्रपत्तिः स्वरुपं प्रकाशयति ॥
**શરણાગતિ આત્મ સ્વરૂપને પ્રકાશે છે.**

अयमात्मा ब्रह्मदासः श्रुतिः वदति ॥
**આ જીવ પ્રભુનો દાસ છે, એમ શ્રુતિમાં પણ કીધુ છે.**

रक्षकत्वेननावलम्बनीयानि साधनान्तराणि ॥
**અન્ય સાધનોનું અવલંબન શરણાગતે ન લેવુ જોઈએ.**

सर्वधर्ममयी प्रपत्तिः ।
**શરણાગતિ પોતે જ સર્વધર્મમય છે.**

द्वयमन्त्रोच्चारण कर्मणा युक्तम् ॥
**શરણાગતિમાં દ્વય મંત્ર ઉચ્ચારવા એ જ કર્મયોગ છે.**

अर्थ पञ्चक ज्ञानैनापियुक्तम् ।।
**શરણાગતિમાં અર્થ પંચક અર્થાત્ સ્વસ્વરૂપ, પરસ્વરૂપ, ઉપાય સ્વરૂપ, ફલ સ્વરૂપ અને વિરોધી સ્વરૂપ એમ પાંચે જ્ઞાન સમાવિષ્ટ છે.**

भक्तिरपि द्रश्यते ।
**શરણાગતિમાં ભક્તિનું પણ પૂર્ણ દર્શન થાય છે.**

योगः पदे पदे ।।
**શરણાગતિ પ્રેરક મંત્રોનાં પદે પદે અષ્ટાંગ યોગ છે.**

न सहते साधनान्तराणि ।।
(તો પણ) **શરણાગતિ અન્ય ઉપાયોને ઉપાય રૂપે સહન નથી કરી શકતી.**
**(ઉદાહરણ - નામદેવ અને જ્ઞાનદેવ રણમાં મુસાફરી કરતા હતા ત્યારે, તરસ લાગી તો ક્યાંય પાણી ન મળતા, એક સૂકા કૂવામાં જ્ઞાનદેવ યોગસિદ્ધિને બળે સુક્ષ્મરૂપ ધારણ કરી, પાણી પીને કમંડળ નામદેવ માટે પણ લઈ આવ્યા ત્યારે, નામદેવે કહ્યું કે દાસ તો માત્ર વિઠ્ઠલની કૃપાથી યાત્રાએ નીકળ્યા**

છે, એટલે આ પાણી પીવું તો મારી શરણાગતિ લાજે. આ વાણી નીકળતા જ સૂકો કૂવો પાણીથી ભરાઈ ગયો અને આજે પણ લોક-હિતાર્થે ભરાયેલો જ છે.)

सर्वलोक शारण्योपि भविष्य कालं न सहते ॥
**સર્વલોક શારણ્ય પ્રભુ /ગુરૂ, શરણાગતને ફળ દેવા વ્યાકૂળ હોય છે. અને આથી ભવિષ્યકાળ સહન નથી કરી શકતા.**

प्रपत्तिर्गाह्या मुमुक्षुभिः ॥
**સિદ્ધ સાધન શરણાગતિ, મુમુક્ષુ દ્વારા, પણ, ગ્રાહ્ય છે.**

"सकृदेव" भगवद वाक्यम् ॥
**ભગવદ્ વાક્ય અનુસાર, એકવારની શરણાગતિ, ફલ આપવા માટે પર્યાપ્ત છે.**

इष्टप्रीतेर्वशात् पुनर्पुनः ॥
**(પરંતુ) આરાધ્ય પ્રત્યેના પ્રેમને વશ થઈને વારંવાર શરણાગતિ કરી શકાય છે.**

अन्तराय हानि हेतुत्वादपि ॥
શારીરિક અને માનસિક વિઘ્ન ઉપસ્થિત ન થાય, એ માટે પણ વારંવાર શરણાગતિ કરી શકાય છે.

कालक्षेपाय ॥
(સંસારના કામોથી ઉપરામ થઇને)
કાળક્ષેપ માટે પણ શરણાગતિ વારંવાર કરી શકાય છે.

नासमर्थात् सा स्वरुपत्वात् ॥
શરણાગતિ આત્મ સ્વરૂપને અનુકૂળ હોઈ ગ્રહણીય છે-નહીં કે, યોગ સાધનની અસર્મથતાને કારણે

असमर्पितस्य कुतः प्रेमसुखम् ॥
પ્રેમાસ્પદને સર્વ સમર્પણ કર્યા વિના પ્રેમ-સુખ અતિ દુર્લભ છે.

मुण्डे-मुण्डे मतिर्भिन्ना ।
**દરેક વ્યકિતની બુદ્ધિ અલગ અલગ હોય છે.**
**(સૌ પોત પોતાની રીતે સાધના કરતા હોય છે.)**

बहवः प्रकाराः ॥
(પણ) **શરણાગતિ અન્ય બધા સાધનોથી શ્રેષ્ઠ છે.**

अतो कर्म-ज्ञान-भक्ति-योगेभ्योऽपि प्रपत्तिरेव सर्व श्रेष्ठा सर्वे वदन्ति ॥
**બધા શાસ્ત્ર, પુરાણ, ઈતિહાસ અને સંતજનો શરણાગતિને જ શ્રેષ્ઠ ગણાવે છે.**

शरणागतं प्रपन्नं द्वयोः सर्वप्राप्तिर्भवति ॥
**શરણાગત પ્રપન્નને ગુરૂદેવ અને ઈશ્વરનું સર્વસ્વ પ્રાપ્ત હોય છે.**

स निश्चिन्त्यतो भवति ।।

**શરણાગત, શરણાગતિના પ્રભાવે યોગ-ક્ષેમની ચિંતા વગરનો હોય છે.**

द्वन्द्वातीतो भवति ।।

**શરણાગત દ્વન્દ્વાતીત થઇ જાય છે.**

**(એટલે કે એને સુખ/દુઃખ, હાનિ/લાભ, જય/પરાજય, નિંદા/સ્તુતિ અને માન/અપમાન વગેરે દ્વન્દ્વ સ્પર્શતા નથી.)**

आत्मारामो भवति ।।

**શરણાગત આત્મારામ, એટલે કે સ્વરૂપમાં રમણ કરતો હોય છે.**

भगवति प्रेम लक्षणा भक्तिर्पजायते ।।

**શરણાગતનાં હૃદયમાં પ્રેમ લક્ષણા ભક્તિ પ્રગટે છે.**

स श्री स्वरुपो भवेज्जनः ।
શરણાગત શ્રી સ્વરૂપ થઈ જાય છે.

स रामाकारो भवेत् ॥
શરણાગત શરણાગતિમાં સ્થિર થઈને રામસ્વરૂપ થઈ જાય છે.

आयान्ति सर्वे भागवद्धर्माः तस्य हृदाकाशे ॥
આવા શરણાગતનાં હૃદયમાં સર્વે ભાગવત ધર્મો આવીને પોતાનો નિવાસ કરે છે.

सर्व दत्वा प्रपन्नाय ईश्वरोऽपि परम प्रसन्न ॥
આવા શરણાગતને ઈશ્વર પણ પોતાનું સર્વસ્વ આપીને પરમ પ્રસન્ન થાય છે.

लोकेऽपि सुखं दत्वा सुखी भवति ॥
**આવા શરણાગતને ઈશ્વર લૌકિક સુખો દઈને પણ સુખી કરે છે.**

प्रपत्ति कर्तृणां दोषं स्वदोषं गणयति ॥
**શરણાગતથી થયેલા મન-વચન-કાયાના દોષ ભગવાન પોતે ઓઢી લે છે.**

स्वाङ्कमपि ददातीश्वरः ॥
**આવા શરણાગતને, શરણાગત વત્સલ ભગવાન પોતાની ગોદમાં બેસાડી પ્યાર-દુલાર-લાડ કરે છે.**

सेवया ईश्वरस्य विकसित मुखाम्भोज एव शरणागतस्य परं भोगः ।
**પોતાની સેવાથી પ્રસન્ન થયેલા પ્રભુ, પોતાનુ એઠું શરણાગતને ખવડાવે છે, ને ખાય છે, એ જ પરમ ભોગ કહેવાય છે.**

भगवच्चरणार्विन्दैवाश्रयः ।
**પ્રભુના ચરણ અને ચરણ પાદુકા જ, આવા શરણાગત માટે પરમ આશ્રયનું ધામ હોય છે.**

हस्तकमलमभयं ददातीश्वरस्य ॥
**ઇશ્વર/ગુરૂ નાં હસ્ત કમળ જ શરણાગત શિષ્ય માટે અભયકારી સિદ્ધ થાય છે.**

देहात्म चिन्ता प्रपत्तिम् नाशयति ॥
**શરણાગત દ્વારા, પોતાના દેહ કે આત્માની ચિંતા, શરણાગતિને નષ્ટ કરી દે છે.**

अभिमानोऽपि प्रपत्तिम् नाशयति ॥
**શરણાગત દ્વારા કરાયેલું કોઈ પણ પ્રકારનું અભિમાન, શરણાગતિને ભ્રષ્ટ**

કરે છે. (હવે કેટલા પ્રકારનાં અભિમાન, એનું વર્ણન આવે છે.)

देहाभिमानः ॥

દેહમાં આત્મબુદ્ધિ હોવી એ દેહાભિમાન કહેવાય છે.
(દેહને હું માનવો, દેહની વસ્તુને મારી માનવી અને દિવ્ય દેહ પ્રાપ્તિની ઇચ્છા કરવી, એ દેહાભિમાન કહેવાય છે.)

स्वरुपाभिमानः ॥

પરમાત્માના સ્વરૂપની અંદર પોતાનું સ્વરૂપ ન દેખવું, એ સ્વરૂપનું અભિમાન કહેવાય છે.

उपायाभिमानः ॥

ભગવદ્ કૃપાને ઉચિત ઉપાય ન માનીને, અન્ય ઉપાયોનું આલંબન લેવું, એ ઉપાયાભિમાન કહેવાય છે.

उपेयाभिमानः ॥

**ઇશ્વર/ગુરૂ શારણ્ય, મારા જ છે, એવું અભિમાન પણ શરણાગતિને નષ્ટ કરે છે.** (ઉદાહરણઃ રાધા કૃષ્ણની પ્રિયતમા છે, પણ એકવાર રાધાને મનમાં એમ થયું કે, મારી ચર્યાથી નંદનવનમાં આનંદ છે, અને મારો કાય-વૈભવ પણ એટલો આકર્ષક છે કે ભગવાન બધી ગોપીઓને છોડીને અહીં આવતા રહ્યા, પણ એના પ્રાણના આધાર સમી રાધાને છોડવા સમર્થ નથી, બસ આવું ઉપેયાભિમાન પ્રવેશતાં જ કૃષ્ણ રાધાની નજરથી ઓઝલ થઇ ગયા અને રાધાએ કૃષ્ણને ગોતવા નંદનવનમાં ઉઘાડા પગે ભટકવું પડ્યું.)

कर्तृत्वाभिमानः ॥

**શરણાગત શિષ્યમાં કર્તાપણાનું અભિમાન પણ ન હોવું જોઇએ.**

ज्ञातृत्वाभिमानः ॥

**શરણાગતમાં જ્ઞાતાનું અભિમાન પણ ન હોવું જોઇએ.**

भोक्तृत्वाभिमानः ॥

**ભોક્તાપણાનું અભિમાન પણ ત્યજવું જોઈએ.**

(જેવી રીતે સતી નારીની સર્વ ચેષ્ટા પતિ સુખ માટે જ હોય છે, પોતાના સુખ માટે નથી હોતી, એથી પતિ જ ભોક્તા થયા કહેવાય, પત્ની નહીં- આ જ પ્રકારે ભગવાન જ ભોક્તા છે, શરણાગત નહીં.)

अकृतकरणं वर्जनीयम् ॥

**શરણાગતે ન કરવા જેવા કામ તજવા જોઈએ.**

(ચોરી, જુગાર, જારકર્મ, અભક્ષ્ય ભોજન, અસત્ય ભાષણ, નશીલા પદાર્થોનું સેવન વગેરે નિષિદ્ધ કર્મો ગણાય છે.)

भगवदपचारः न करणीयः ॥

**શરણાગતે ભૂલથી પણ ભગવદ અપરાધ ન કરવો જોઈએ.**

(વૈષ્ણવ ગ્રંથોમાં ક્યાંક ૬૪ તો ક્યાંક ૩૨ ભગવદપચાર ગણાવ્યા છે. એમાં ભગવાન કે ગુરૂ નાં ચરિત્રની ટીકા-ટીપ્પણી કરવી, પોતાના દોષ-મોહ-ભ્રમને ભગવાન/ગુરૂ પર આરોપિત કરવા, શાસ્ત્રનાં અર્થનો અનર્થ કરવો, ઇત્યાદિ મુખ્ય છે.)

भागवतापचारोऽपि न कर्तव्यः ॥

**આ જ રીતે, શરણાગતે ભગવાન/ગુરૂના ભક્તો, સેવકો, શિષ્યોનો અપચાર પણ ન કરવો જોઈએ.**

असह्यापचारोऽतिक्रुरः ॥

**અસહ્ય અપચાર તો અતિ ક્રુર છે, એનાથી તો અવશ્ય બચવું.**

**(વિના કારણે બીજા ભક્તથી મનમાં ને મનમાં બળ્યા કરવું, એની કીર્તિ કે વૈભવ ન સહન કરવા, અકારણ ભક્તોનો પરાભવ થાય એ માટે પ્રયત્નશીલ રહેવુ અને ભક્તનો પરાભવ જોઇ રાજી થવું, સ્વાર્થબુદ્ધિથી, ચતુરાઈ કે લુચ્ચાઈથી બીજા ભાગવત ભક્તની પ્રીતિ કરવી અને સ્વાર્થની પૂર્તિ કે અપૂર્તિ થયે એની નીંદા કરવી, પોતાની કીર્તિ વધારવા બીજા ભાગવત ભક્તની કીર્તિને બાધક સમજી, એને હેરાન કરવા પ્રયત્નો કરવો અને ગુરૂનો અપરાધ કરવો-એ બધા અસહ્યાપચાર કહેવાય છે.)**

अन्याश्रय निषेध ॥

**શરણાગતે ભગવાન/ગુરૂ સિવાય અન્યનાં આશ્રયે ન જવું.**

समर्पण विरोधि कार्यम् न करणीयम् ॥
**સમર્પણમાં બાધા આવે એવા કૃત્યો શરણાગતે ન કરવા જોઈએ.**

साधन विरोधि नमपि ॥
**શરણાગતિને વિરોધી કૃત્ય પણ ન કરવા.**

अन्यदेवालम्बनं त्याज्यम् ॥
**અન્ય દેવતાઓનું આલંબન પણ ત્યજવું.**

प्राप्य विरोधी सर्वथैव त्याज्यः ॥
**શરણાગતિથી જે પરમ પ્રાપ્ય છે એના વિરૂદ્ધનું હોય એને સંપૂર્ણતયા ત્યજવું.**
(જેવી રીતે અબોધ બાળકને મા, અને માનાં પ્રેમ સિવાય અન્ય કશું નથી જોઈતું હોતું, એ જ રીતે શરણાગતે ભગવાન/ગુરૂ, એનો પ્રેમ અને સેવા, એ સિવાય બીજા લાભનું સ્મરણ પણ ન કરવું જોઈએ.)

शेष भूतोस्म्यहं तव भगवतः ॥
હે ભગવાન ગુરો ! આ દાસ આપનો શેષ છે.
(અર્થાત્ જેમાં તમે રાજી એમાં હું રાજી.)

अखण्डोच्चारणात् ॥
શરણાગતે, આપેલા મંત્રનું અખંડ ઉચ્ચારણ કરતા રહેવું જોઈએ.

भगवद् भोग्योऽस्मि ॥
આ દાસ ભગવાન/ગુરૂનું ભોગ્ય છે, અન્ય કે ખુદ પોતાનું પણ નહીં.
એ ચિંતન સતત હૃદયમાં રાખવું.

रक्ष्योऽस्मि भगवतः ॥
હે ભગવાન ગુરો ! "હું આપથી રક્ષાયેલો છું" એવો ભાવ સતત રાખવો.

रहस्य त्रयार्थमनुसन्धेयम् ॥

**રહસ્ય ત્રય (સ્વસ્વરૂપ, પરસ્વરૂપ, ઉપાયસ્વરૂપ) ના અર્થનું સતત અનુસંધાન કરતા રહેવું.**

**(જેવી રીતે, કંગાળને પારસમણી મળે તોય પારસમણીનાં સ્વરૂપ, ગુણ, પ્રભાવની જાણ ન હોવાથી એ ન મળ્યા બરાબર છે, એ રીતે, શરણાગતને પ્રભુપ્રીતિ પ્રાપ્ત થાય તો પણ, એના અર્થનું અનુસંધાન નહીં હોય તો, એ ન મળ્યા બરાબર જ છે.)**

मन्त्रापचारो निषेधः ॥

**ગુરૂએ આપેલા મંત્રનો ક્યારેય અપચાર ન કરવો.**

**(ગુરૂએ આપેલ મંત્ર બીજાને કહેવો, મંત્રનો જપ ન કરવો, મંત્રમાં શ્રદ્ધા ન રાખવી, મંત્રને ગુરૂનું રૂપ ન માનવું, અનિયમિત જપ કરવા, અવિશ્વાસથી જપ કરવા વગેરે મંત્ર અપચાર કહેવાય છે.)**

देव परिभवमपि ॥

**મંત્રના દેવતાનો પરિભવ ન કરવો.**

तदर्थाय प्रार्थनीयः सदा हरिः ॥
આવા અપચાર ન થઈ જાય એ માટે હરિગુરૂને સદાય પ્રાર્થના કરતી રહેવી જોઈએ.

सत्यङ्गोहि सेवनीयः शरणागतेन ॥
શરણાગતે પ્રભુ પ્રેમી ભાગવત ભક્તોનો સંગ અને સેવન કરવું જોઈએ.

तदविषयक ग्रन्थोऽपि पठनीयः ॥
શરણાગતિમાં નિષ્ઠા વધે એવા ગ્રંથો વાંચવા.

आत्मान्वेषणं करणीयम् मुहुर्मुहुः ॥
શરણાગતે વારંવાર પોતાનું આત્મ પરિક્ષણ કરતા રહેવું.

स्वप्रियनाम कीर्तन-व्रतः ॥
શરણાગતે પોતાને અનુકૂળ વ્રત લેવું અને આજીવન પાળવું જોઈએ.

नाम–रुप–लीलाधामषु अनुरक्तिः ॥
**હરિગુરૂનાં નામ-રૂપ અને લીલા તથા ધામમાં અનુરાગ રાખવો.**

श्रीहरि–गुरु–हरि भक्तानां कैङ्कर्यमपि ॥
**શ્રીહરિ ગુરૂ તથા ભક્તોની સેવા સદાય કરતી રહેવી.**

हरेः मंगलानुशासनं स्वरुपानुकूलम् ॥
**ભગવાનનાં મંગલ અનુશાસનને અનુકૂળ રહેવું એ શરણાગતનું કર્તવ્ય છે.**

भवं ब्रह्ममयं द्रष्टुमभ्यासः ॥
**સંસારને બ્રહ્મ સ્વરૂપે જોવા શરણાગતે અભ્યાસ આદરવો.**

दैवी सम्पतिर्ग्राह्या मुमुक्षुभिः ॥
**મોક્ષની કામનાવાળાએ દૈવી સંપદા ધારણ કરવી.**
(ગીતામાં દૈવી સંપદાના ૨૬ પ્રકાર દર્શાવ્યા છે. અભય, સાત્વીકતા, દાન,

દમ, જ્ઞાન, શુદ્ધિ, યજ્ઞ, સ્વાધ્યાય, તપ, કોમળતા, અહિંસા, સત્ય, ક્રોધનો ત્યાગ, શાંતિ, દયા, ક્ષમા, ધીરજ વગેરે મુખ્ય છે.)

नैच्यानुसन्धानं कुर्यात् ॥
**શરણાગતે પોતાની દીનતાનુ અનુસંધાન કરતા રહેવું.**

स्वप्रपत्तिमपराध कोटेर्मत्वा क्षमापनमपि ॥
**પોતાની શરણાગતિ પણ હરિ-પ્રભુ-ગુરૂનો એક અપરાધ જ છે, એમ ગણી ક્ષમા કરવા યાચના કરવી એ પણ દીનતાનું જ એક અંગ છે.**

स्वापराध कारिषु क्षमा–कृपा–कृतज्ञता उपकाराणि करणीयानि ॥
**પોતાનો અપરાધ કર્યો હોય એમના પ્રતિ પણ શરણાગતે ક્ષમા, કૃપા, કૃતજ્ઞતા અને ઉપકાર કરતા રહેવા.**

"सर्वे भवन्तु सुखिनः" अभिलाषयति ॥
શરણાગતે "સર્વે સુખી થાઓ" એવી અભિલાષા કરતા રહેવી.

स सर्वम् प्रणमति ॥
શરણાગતે સર્વ જડ-ચેતન જગતને પ્રણામ કરવા.

अतोनाभ्यसूयेतक्मपि ॥
શરણાગતે કોઈની પણ ઈર્ષા, અસૂયા ન કરવી.

स सर्वहितैक रतः ॥
શરણાગતે સૌના હિતમાં રત રહેવું.

सर्वत्र समदर्शनः ॥
શરણાગતે સર્વત્ર સમદ્રષ્ટિ રાખવી.

दिनचर्या श्रुति–साधु–सदाचार्यैर्नुमोदिता ॥
શ્રુતિ-શાસ્ત્ર-સંત-ગુરૂ એ અનુમોદિત દિનચર્યા શરણાગતે સેવવી.

शिष्यात्म रक्षणस्य सदाचार्यः सदा चिन्तयेत् ॥
શિષ્યનાં આત્માનાં રક્ષણનું ચિંતન ગુરૂએ સદાય કરતા રહેવું.

स्वरुप हानि दत्तापहार दोषश्च ॥
શિષ્ય પોતેજ પોતાની રક્ષા કરવા લાગે તો સ્વરૂપની હાનિ થાય છે અને દત્તાપહાર દોષ લાગે છે. (દીધેલુ પાછું લેવું તે, દત્તાપહાર દોષ કહેવાય છે.)

शिष्योऽपि आचार्य देहानुरक्तिं तस्य शरीर रक्षणत्वञ्च चिन्तयेत् ॥
સદ્ શિષ્યે પણ આચાર્ય ગુરૂનાં દેહમાં પરમ પ્રીતિ અને એમના દેહની રક્ષાનું ચિંતન કરવું જોઇએ.

अतो शिष्य स्वरुपो शरीरवत् धर्मवत् एवं भार्यावत् प्रयुक्तः ॥
**આથી, શિષ્યનું સ્વરૂપ આચાર્ય ગુરૂ પ્રતિ શરીરની સમાન, ધર્મની સમાન અને ભાર્યાની સમાન, મનીષીઓ દ્વારા કહેવાયુ છે.**

(જેવી રીતે શરીર શરીરધારીની પ્રેરણાથી શરીરધારી માટે ચેષ્ટા કરે છે, શરીરધારી ને આધીન રહે છે અને શરીરધારી વિના મૃત પાષાણવત્ થઈ જાય છે એ રીતે શિષ્યે આચાર્ય ગુરૂની ઇચ્છાને અનુકૂળ ચાલવું. જેવી રીતે ધર્મ, ધર્મીનો સાથ નથી છોડતું એ રીતે શિષ્યે પોતાનું પૃથકપણું છોડી આચાર્ય ગુરૂનું સેવન કરવું. પત્ની જેમ પતિપરાયણતાને પોતાનું સહજ સ્વરૂપ સમજે છે,પતિના સુખને પોતાનું સુખ અને પતિની ઇચ્છાને પોતાની ઇચ્છા સમજે છે, પતિ વિયોગને સહન કરી શકતી નથી એ રીતે શિષ્યે આચાર્ય ગુરૂની આજ્ઞાનું પાલન કરવું.)

एवं आचार्य स्वरुपो शरीरीवत्, धर्मीवत् , पतिवत् प्रयुक्तः ॥
**આ જ રીતે શિષ્ય માટે આચાર્યનું સ્વરૂપ શરીરી, ધર્મી અને પતિ સમાન કહેવામાં આવ્યું છે.**

अतो प्रपत्तिरेव गरीयसी, प्रपत्तिरेव गरीयसी, प्रपत्तिरेव गरीयसी ॥
**આમ, ત્રણે કાળમાં શરણાગતિ જ શ્રેષ્ઠ છે, શરણાગતિ જ શ્રેષ્ઠ છે, શરણાગતિ જ શ્રેષ્ઠ છે.**

ॐ

પાપ તારું પરકાશ જાડેજા

ધરમ તારો સંભાળ રે,

તારી બેડલીને બુડવા નહીં દઉ

એમ તોરલ કહે છે જી.